પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર


Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૮૮ | ૬ જુન, ૨૦૧૮, બુધવાર ; અ. જેઠ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# દરેક પરિવારને ઘરનું ઘર હશે

**પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ હેઠળ આ વર્ષના અંતે એક કરોડ મકાનનું નિર્માણ પરિપૂર્ણ થશે : શહેરોમાં ૧.૧૮ કરોડ મકાન ૨૦૨૦ સુધી બનાવાશે : ૨૦૨૨ સુધી ૪ કરોડ ઘરના નિર્માણનું મોટું લક્ષ્ય : ૨૦૧૮ના અંત સુધી બે કરોડ ગરીબોને ઘર બનાવીને અપાશે : મોદી**

નવી દિલ્હી,તા. ૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના



નેતૃત્વમાં એનડીએ સરકાર લોકસભાની ચૂંટણીને લઈને તૈયારી વધારે ઝડપી કરી ચુકી છે. તે પોતાની મહત્વકાંક્ષી યોજના તમામ માટે ઘરને ચૂંટણી પહેલા પૂર્ણ કરવાની યોજના ધરાવે છે. કેન્દ્રની યોજના ૨૦૧૮ના અંત સુધીમાં શહેરી અને ગ્રામીણ ગરીબોને બે કરોડ ઘર બનાવીને આપવાની યોજના ધરાવે છે. લોકસભા ચૂંટણીમાં મેદાનમાં ઉતરતા પહેલા તેની આ યોજના રહેલી છે. પ્રધાનમંત્રી યોજગા ગ્રામીણ હેઠળ આ વર્ષના અંત સુધ એક કરોડ ઘરનુ નિર્માણ કરવામાં આવનાર છે. વરિષ્ઠ સરકારી અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે શહેરોમાં ૧.૧૮ કરોડ ઘરનુ નિર્માણ કામ વર્ષ ૨૦૨૨ના બદલવે વર્ષ ૨૦૨૦ સુધી પૂર્ણ કરી લેવામાં આવનાર છે. ગ્રામીણ વિસ્તારોમાં એક કરોડ ઘરને આ વર્ષના અંત સુધી આનો લાભ મેળવનાર લોકોને આપી દેવામાં આવનાર છે. ફાળવણી કરવામાં આવ્યા બાદ એવી ખાતરી થશે કે એવા લોકોને પણ મકાન જલ્દીથી મળનાર છે આ પહેલા ૪૫ લાખ ઘરને મંજુરી આપવામાં આવી ચુકી છે. ભાજપના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યુ છે કે આવાસ યોજના મોદી સરકાર માટે ઉપયોગી યોજના છે. ગરીબોને ઘર આપવાથી તેમની લાઈફમાં મોટા ફેરફાર થઈ રહ્યા છે. આ યોજનાના આધાર પર પાર્ટી દેશમાં ગરીબોથી આગામી ચૂંટણીમાં મત હિમ્મતપૂર્વક માંગી શકે છે. ખાસ કરીને ચૂંટણી વેળા આયોજનાને ગ્રામીણ વિસ્તારોમાં લઈને સરકાર જવા માટે તૈયાર છે. ઉત્તરપ્રદેશમાં યોગી સરકાર આ યોજનામાં જોરદાર રીતે આગળ વધી શકી છે. રાજ્યમાં ગ્રામીણ વિસ્તારોમાં સૌથી વધારે ઘરની કમી હતી. છેલ્લા એક વર્ષમાં યોગી સરકારે ૮૦૦૦૦૦ મકાનો બનાવી દીધા છે. જે બીજા રાજ્યો કરતા આગળ છે. સરકારે આને લઈને ૧.૨ લાખ રુપિયાની સબસિડીને લઈને પ્રક્રિયામાં સુધારા પણ કર્યા છે. રાજ્ય સરકારને

● અનુસંધાન પાન-૭ પર

## સુનંદા અપમૃત્યુ કેસમાં શશી થરૂરને હાજર થવાનો હુકમ

**૭મી જુલાઈના દિવસે પટિયાલા હાઉસ કોર્ટમાં હાજર થશે : ચાર્જશીટના આધાર પર થરુરને આત્મહત્યા કરવા માટે ઉશ્કેરવાના આરોપી તરીકે ગણ્યા છે**



નવીદિલ્હી,તા. ૫

કોંગ્રેસના વરિષ્ઠ નેતા શશી શરૂરની મુશ્કેલીમાં સતત વધારો થઈ રહ્યો છે. તેમના પત્નિ સુનંદા પુષ્કરના મોતના મામલામાં દિલ્હીની પટિયાલા હાઉસકોર્ટ દ્વારા શશી થરુરને આરોપી તરીકે ગણ્યા છે જેથી શશી થરુર સુનંદાના કેસમાં ટ્રાયલનો સામનો કરશે. દિલ્હી કોર્ટે કોંગ્રેસના સાંસદ સામે સમન્સ જારી કરી દીધું છે જેના ભાગરુપે એક આરોપી તરીકે સાતમી જુલાઈના દિવસે દિલ્હી કોર્ટમાં તેમને હાજર થવું પડશે. કોર્ટે ચાર્જશીટના આધાર પર શશી થરુરને આત્મહત્યા માટે ઉશ્કેરવામાં આરોપી તરીકે ગણાવીને શશી થરુર સામે સમન્સ જારી કર્યું છે. શશી થરુર ઉપર હવે ટ્રાયલ શરૂ થશે અને સાતમી જુલાઈના દિવસે તેમને કોર્ટમાં ઉપસ્થિત થવું પડશે.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**કચ્છમાં જેગુઆર પ્લેન ક્રેશ થયું**

જામનગરથી ઉડાન ભરીને કચ્છ તરફ ગયેલા વાયુસેનાના જેગુઆર ફાઈટર વિમાન મુદ્રાના બેરાજા ગામ નજીક દુર્ઘટનાગ્રસ્ત બન્યુ હતુ. આ દુર્ઘટનામાં પાયલોટ સંજય ચૌહાણ શહીદ થયા હતા.

**અલ્હાબાદ યુનિવર્સિટીમાં તોફાન**

અલ્હાબાદ સેન્ટ્રલ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓએ જબરજસ્ત હંગામો મચાવ્યો છે. કુલ સચિવની બદલીનો વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓએ વાહનોમાં તોડફોડ કરી આગ લગાવી દીધી હતી તથા પત્થરમારો પણ કર્યો હતો.

**રાફેલ ડીલમાં કોઈ કૌભાંડ નહી : નિર્મલા સીતારામન**

કેન્દ્ર સરકારની ઉપલબ્ધિઓ મામલે બોલાવેલી પ્રેસ કોન્ફરન્સ દરમ્યાન રક્ષામંત્રી નિર્મલા સીતારામને કહ્યુ છે કે રાફેલ વિમાન ખરીદીમાં કોઈ કૌભાંડ નથી થયુ.

**પ્લાસ્ટિકના પ્રદૂષણમાં પણ દિલ્હી નંબર વન**

દેશમાં સૌથી વધુ પ્લાસ્ટિકનો કચરો દિલ્હીમાં જનરેટ થાય છે. આમ તો દુનિયાભરમાં પ્લાસ્ટિકનો કચરો સમસ્યા બની ચૂક્યો છે. સમગ્ર વિશ્વમાં એક દિવસમાં લગભગ ૨૫,૯૪૦ ટન પ્લાસ્ટિક વેસ્ટ જનરેટ થાય છે.

**અરુણ જેટલીની તબીયત સુધારા પર**

એમ્સમાં કિડનીના સફળ પ્રત્યારોપણ બાદ નાણા મંત્રી અરુણ જેટલીને રજા આપી દેવાઈ છે. તેઓએ ઘરે પહોંચી તબીબી- નર્સીંગ સ્ટાફનો આભાર વ્યકત કર્યો હતો.

# ગામડા બંધની ઘેરી બનતી સ્થિતિ

નવી દિલ્હી, તા.૫

ખેડુતોના દસ દિવસના ગામડા બંધના આજે પાંચમાં દિવસે કોઈ માઠી અસર થઈ નથી પરંતુ જયપુર સહિતના કેટલાક શહેરોમાં શાકભાજીના ભાવમાં ૨૫થી ૩૦ ટકાનો વધારો થઈ ગયો છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં આગામી થોડાક મહિનામાં ચૂંટણી યોજાનાર છે ત્યારે ખેડૂતોની નારાજગી ભાજપને મુશ્કેલીમાં મુકી શકે છે. ખેડૂતોની હડતાળ વચ્ચે આવતીકાલે

**ખેડૂત આંદોલન અંગે આજે ભાવિ રણનીતિ પર ચર્ચા થશે : ખેડૂતો દ્વારા જુદી જુદી માંગણીને લઇને હડતાળને ૧૦મી જૂન સુધી જારી રાખવાની તૈયારી કરાઈ**



દેશની મોટી મંડીઓમાં શાકભાજીની કમી હવે દેખાવવા લાગી ગઈ છે. દિલ્હી, મુંબઈ, કોલકાતામાં હજુ સુધી પુરવઠાને દિલ્હીમાં મહત્વપૂર્ણ બેઠક મળનાર છે. રાષ્ટ્રીય કિસાન મહાસંઘના પ્રવક્તા અભિમન્યુ કોહરનું કહેવું

● અનુસંધાન પાન-૭ પર

## બિટકોઈન મામલે શિલ્પા શેટ્ટીના પતિ રાજ કુન્દ્રાની પુછપરછ

મુંબઈ,તા. ૫

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે આજે બોલીવુડની અભિનેત્રી શિલ્પા શેટ્ટીના પતિ રાજ કુન્દ્રાની આકરી પુછપરછ કરી હતી.

સમગ્ર દેશમાં હલ્લો મચાવનાર બિટકોઈન કૌભાંડ કેસના સંદર્ભમાં રાજ કુન્દ્રાની આ પુછપરછ કરવામાં આવી હતી. બિટકોઈન લેવડદેવડ કેસમાં નવા નવા નામ સપાટી ઉપર આવી રહ્યા છે.

આજે આ બિઝનેસમેન સામે સમન્સ જારી કરવામાં આવ્યું હતું અને ઈડીની ઓફિસમાં ઉપસ્થિત રહેવા માટે કહેવામાં આવ્યું હતું. કારોબારમાં તેમની સંડોવણી અંગે પ્રશ્નો કરવામાં આવ્યા હતા.

# અંતિમ ચુકાદો આવે ત્યાં સુધી પ્રમોશનમાં અનામત : સુપ્રીમ

**કેન્દ્ર સરકાર કાયદા મુજબ એસસી-એસટી કર્મચારીઓને પ્રમોશનમાં અનામત આપી શકે છે : કેન્દ્ર સરકારને અનામત આપવા સુપ્રીમની લીલીઝંડી**

નવીદિલ્હી, તા. ૫

એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા સુપ્રીમ કોર્ટે એસસી અને એસટી કર્મચારીઓ માટે પ્રમોશનમાં અનામત આપવા કેન્દ્ર સરકારને મંજુરી આપી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, જ્યાં સુધી બંધારણીય બેંચ દ્વારા કોઈ નિર્ણય કરવામાં ન આવે ત્યાં સુધી કાયદા મુજબ એસસી અને એસટી કર્મચારીઓ માટે પ્રમોશનમાં કેન્દ્ર સરકાર અનામત આપી શકે છે. આની સાથે સાથે સુપ્રીમ કોર્ટે આ સંદર્ભમાં કોઈ વધારે ખુલાસો કર્યો ન હતો. જ્યાં સુધી બંધારણીય બેંચ કોઈ નિર્ણય ન કરે ત્યાં સુધી સરકાર પ્રમોશનમાં અનામતને અમલી કરી શકે છે. કોર્ટે પોતાની મહત્વપૂર્ણ ટિપ્પણીમાં એમ પણ કહ્યું છે કે, સરકાર કાયદા મુજબ એસસી અને એસટી કર્મચારીઓને પ્રમોશનમાં અનામત આપી શકે છે. સરકાર તરફથી ઉપસ્થિત રહેલા એડિશનલ સોલિસીટર જનરલ મનિન્દરસિંહે સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે, કર્મચારીઓને પ્રમોશન આપવાની બાબત કેન્દ્ર સરકારની જવાબદારી બને છે. સિંહે એમપણ કહ્યું હતું કે, અલગ અલગ હાઈકોર્ટના ચુકાદાના પરિણામ સ્વરુપે પ્રમોશન રોકાઈ ગયા છે. આના પર કોર્ટે કહ્યું હતું કે, અંતિમ ચુકાદો આવે ત્યાં સુધી કાયદા મુજબ એસસી અને એસટી કર્મચારીઓને પ્રમોશનમાં અનામત આપી શકે છે.

## અમિત શાહ આજે ઉદ્ધવ ઠાકરેને મુંબઈમાં મળશે

નવીદિલ્હી, તા. ૫

તાજેતરમાં દેશભરમાં યોજાયેલી પેટાચૂંટણીમાં હાર થયા બાદ ભાજપે પણ પોતાના સાથી પક્ષોને વિશ્વાસમાં લેવાની શરૂઆત કરી દીધી છે. નારાજ સાથી પક્ષોને મનાવવાના પ્રયાસ પણ થઈ રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીના નારાજ સાથી પક્ષોને મનાવવાના હેતુસર સંપર્ક ફોર સમર્થન કાર્યક્રમો ચાલી રહ્યા છે. આના ભાગરુપે ભાજપ પ્રમુખ અમિત શાહ આવતીકાલે શિવસેના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેને મળશે.

**જોઈએ છે**

શ્રી રામ એસોસીએટ “AA” ક્લાસ ગર્વમેન્ટ કોન્ટ્રાક્ટર કન્સ્ટ્રક્શન ગાંધીનગર સ્થિત ઓફીસ માટે

(૧) સીનીયર એકાઉન્ટન્ટ - ૧ (અનુભવ ૫ વર્ષ)
(૨) જુનીયર એકાઉન્ટન્ટ - ૧ (અનુભવ ૨ વર્ષ)
(૩) રિસેપ્સનીસ્ટ - ૧ (કોમ્પ્યુટર જાણકાર, ૧૨ પાસ)
(૪) ડ્રાઈવર - ૨ (અનુભવ ૩ વર્ષ)
(૫) ઓફીસ બોય - ૧ પોસ્ટ

: એડ્રેસ :

ઈ-૨૦૭, સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧, કોમર્સીયલ કોમ્પલેક્ષ, એચ.ડી.એફ.સી. બેન્કની બાજુમાં, કુડાસણ.
મો. નં. ૯૭૧૪૯૯૨૪૬૯

**સાંદિપની સ્કુલ ઓફ એક્સેલન્સ**

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર

**વોક ઈન ઈન્ટરવ્યુ**

સાંદિપની સ્કુલ ઓફ એક્સેલન્સ, ગાંધીનગર ખાતે નીચે મુજબની જગ્યાઓ તદ્દન હંગામી તથા કરાર આધારિત ધોરણે ભરવાની થતી હોઈ યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા. ૮/૬/૨૦૧૮ને શુક્રવારના રોજ સવારે ૧૧:૦૦ વાગે અરજી તેમજ અસલ પ્રમાણપત્રો સાથે નીચેના સરનામે ઉપસ્થિત રહેવું.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | લાયકાત |
|---|---|---|---|
| ૧. | ક્લાર્ક | ૨ | કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક ઓછામાં ઓછા ૫૦% ગુણ સાથે કોમ્પ્યુટરનું જ્ઞાન ઈચ્છનીય |
| ૨. | ડ્રાયવર | ૩ | ધોરણ-૧૦ પાસ અને લાઈટ મોટર વ્હીકલ તથા હેવી મોટર વ્હીકલનું પાકું લાયસન્સ |
| ૩ | પટાવાળા | ૨ | ધોરણ-૧૦ પાસ |

સરકારી / અર્ધસરકારી કચેરી / કોર્પોરેશન કે શૈક્ષણિક સંસ્થામાં અનુભવ ધરાવતા ઉમેદવારને પ્રાધાન્ય આપવામાં આવશે. યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તાજેતરના પાસપોર્ટ સાઈઝના ફોટો સાથે બાયોડેટા જેમાં પોતાનું પુરું નામ, સરનામુ, જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, સ્કૂલ લીવીંગ સર્ટીફિકેટ, ડ્રાઈવીંગ લાયસન્સ તેમજ તમામના પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલ અરજી સાથે અચૂક જોડવાની રહેશે.

ઈન્ટરવ્યુ માટેનું સ્થળ : સાંદિપની સ્કૂલ ઓફ એક્સેલન્સ ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન આઈ.આઈ.ટી.ઈ. મહાત્મા મંદિરની પાસે, સેક્ટર-૧૫, ખ-રોડ, ગાંધીનગર

ઈન્ટરવ્યુની તારીખ : ૦૮/૦૬/૨૦૧૮

કુલસચિવ
આઈઆઈટીઈ

સ્થળ : ગાંધીનગર

# પોલીસી સમીક્ષાના પરિણામ પહેલા બજારમાં મંદીનુ મોજુ

મુંબઈ,તા. ૫

શેરબજારમાં આજે મંદીનું મોજુ ફરી વળ્યું હતું. આરબીઆઈની ૨૦૧૮-૧૯ની બીજી નાણાંકીય નીતિ સમીક્ષાના પરિણામ પહેલા કારોબારીઓ સાવધાન રહ્યા હતા. છઠ્ઠી જૂનના દિવસે આ પરિણામ જાહેર કરવામાં આવનાર છે. સેંસેક્સ આજે ૧૦૯ પોઈન્ટ ઘટીને ૩૪૯૦૩ની સપાટીએ રહ્યો હતો જ્યારે બ્રોડર નિફ્ટી ૩૫ પોઈન્ટ ઘટીને ૧૦૫૯૩ની નીચી સપાટીએ રહ્યો હતો. વ્યક્તિગત શેરની વાત કરવામાં આવે તો ભારતી એરટેલ અને લાર્સન એન્ડ ટુબ્રોમાં સૌથી વધુ નુકસાન જોવા મળ્યું હતું. તાતા સ્ટીલના શેરમાં સૌથી વધુ ઉછાળો રહ્યો હતો. વૈશ્વિક બજારોની વાત કરવામાં આવે તો એશિયન શેરબજારમાં મંદી રહી હતી. એમએસસીઆઈ ઈન્ડેક્સમાં ઘટાડો રહ્યો હતો. જાપાનના નિક્કીમાં ૦.૨ ટકાનો ઉછાળો રહ્યો હતો જ્યારે કોસ્પીમાં ૦.૩ ટકાનો ઘટાડો રહ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

